**કામ નંબર : ૧૩**

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧૬ (પાલ):સુડા:સુરત અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ ની કલમ ૪૭ હેઠળ આવેલ વાંધાસૂચનોની વિચારણા કરી, સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ સરકારશ્રીને જરૂરી આખરીઅર્થસહ મંજુરી અર્થે સાદર કરવા બાબત.

**ઠરાવ નં. ૨૩૯**

સુરત શહેરી વિકાસ સત્તામંડળ તરફથી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯ ની જોગવાઈઓ મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧૬ (પાલ):સુડા:સુરતની યોજના બનાવવાનો ઈરાદો તા. ૪/૩/૨૦૦૦ ના રોજ જાહેર કરેલ, જે ગુજરાત સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ-૨ ઉપર તા.૩/૪/૨૦૦૦ ના રોજ પાન નં. ૪૮,૪૯ તથા ૫૦ ઉપર પ્રસિધ્ધ થયેલ, સદર નગર રચના યોજનાની વિગતવાર દરખાસ્તો તૈયાર કરી ઉક્ત કાયદાની જોગવાઈઓ અન્વયે, યોજનાની અંદર સમાવિષ્ટ જમીનમાલિકો/હીત ધરાવનારાઓને જરૂરી સમજણ આપવા તથા વાંધાસૂચનો આવકારવા ઓનર્સ મીટીંગનું આયોજન તા. ૪/૧૧/૨૦૦૦ ના રોજ કરેલ તથા તેની જાહેરાત, દૈનિક સમાચાર પત્રોમાં આપેલ, જે મુજબ ઓનર્સ મીટીંગમાં હાજર રહેલ તમામને યોજનાની દરખાસ્તો તથા વિવિધ પાસાઓની વિસ્તૃત સમજણ આપવામાં આવેલ તથા તે મુજબ રજુ કરેલ રીકોન્સ્ટીટ્યુશન પ્લાનની સમગ્ર દરખાસ્તોને, સુડા બોર્ડ બેઠક નં. ૭૬ તા. ૧૫/૧૨/૨૦૦૦ ના ઠરાવ નં.૨૪૩ થી મંજુર કરવામાં આવેલ હતી અને તદ્અન્વયે કાયદાની જોગવાઈઓ હેઠળ સદરહુ સ્કીમની દરખાસ્તો ઉપર જમીનમાલિકો/હીતસંબંધ ધરાવનારાઓ તરફથી વાંધાસૂચનો આવકારવા વિધિવત રીતે પ્રસિધ્ધ કરવામાં આવેલ, જેની પ્રસિધ્ધિ ગુજરાત સરકારશ્રીના તા. ૧૫/૧૨/૨૦૦૦ ના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ-૨ ના પાના નં.૨૦૮ તથા ૨૦૯ ઉપર કરવામાં આવેલ છે તથા તેની જાહેરાત, દૈનિક વર્તમાનપત્રમાં જાહેરજનતાની જાણ અર્થે આપવામાં આવેલ હતી. સદરહુ વિગતોએ તૈયાર કરેલ રીકોન્સ્ટીટ્યુશન પ્લાનની સમગ્ર દરખાસ્તો અન્વયે, ઓનર્સ મીટીંગ બાદ સ્કીમ પ્રસિધ્ધિના સમયગાળામાં તથા યોજનાની પ્રસિધ્ધિની તારીખથી એક માસની મુદતમાં તથા કાયદાકીય સમયમર્યાદાની તારીખથી બોર્ડની તારીખના સમયગાળામાં મળેલ વાંધાસૂચનોનું

...૨/--

યોગ્ય વિવરણ પત્રક જરૂરી રીમાર્કસ સાથે બોર્ડ બેઠકમાં રજુ કરવામાં આવ્યું તથા વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે વિવરણ પત્રકમાં જણાવેલ રીમાર્કસ અને ઓનર્સ મીટીંગ દરમ્યાન ખેડુત સમાજ તરફથી મળેલ સુચનો અન્વયે જાહેર હીતને લક્ષે લઈ માનનીય ચેરમેનશ્રીએ સૂચવેલ હકારાત્મક અભિગમ મુજબના સુધારાને અનુમતિ આપેલ છે તથા સમયમર્યાદાને ધ્યાને લઈ તા. ૧૪/૩/૨૦૦૧ ના રોજ પ્રસ્તુત યોજનાનો મુસદ્દો કાયદાની કલમ ૪૮(૧) હેઠળ સરકારશ્રીને જરૂરી વિગતો સહ મંજુરી અર્થે સાદર કરવામાં આવેલ જેની જાણ લેવામાં આવેલ છે તથા સદરહુ યોજનાની આગળની તમામ કાયદેસરની કાર્યવાહી માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સત્તા આપવામાં આવી.

( અમલ ટેકનીકલ શાખા )